ગાંધીનગર સમાચાર

# ગજેન્દ્રસિંહની આત્મહત્યા મુદ્દે સંસદમાં હોબાળો

નવી દિલ્હી,તા. ૨૩

એએપીની રેલીમાં ખેડૂત ગજેન્દ્રસિંહની આત્મહત્યાના મુદ્દે સંસદના બંને ગૃહોમાં આજે જોરદાર ગુંજ જોવા મળી હતી. ખેડૂતોની આત્મહત્યાના મુદ્દે ગરમાગરમ ચર્ચા પણ થઈ હતી. કોંગ્રેસ અને ભાજપના નેતાઓએ આજે પણ આક્ષેપબાજી જારી રાખી હતી. જો કે, બંને પક્ષોના નેતાઓએ કબૂલાત કરી હતી કે, આ મામલો ખુબ જ ગંભીર છે અને આ મુદ્દે રાજનીતિ થવી જોઈએ નહીં. સંસદના બંને ગૃહોમાં આત્મહત્યાનો મુદ્દો છવાયેલો રહ્યો હતો. સંસદ આજે હચમચી ઉઠ્યું હતું. એક બાજુ વિરોધ પક્ષોએ જ્યુડિશિયલ તપાસની માંગ કરી હતી. ખેડૂતની આત્મહત્યાના મુદ્દે ભારે ધાંધલ ધમાલ થઈ હતી. વિરોધ પક્ષોએ આ મામલે નરેન્દ્ર મોદી સરકારને ભીંસમાં લેવાના પ્રયાસ કર્યા હતા. વિપક્ષે વિવાદાસ્પદ જમીન બિલને પરત લેવાની મોદી સરકારને અપીલ કરી હતી. લોકસભા અને રાજ્યસભામાં આ મુદ્દે ધાંધલ ધમાલ થઈ હતી. કોંગ્રેસે કહ્યું હતું કે, પોલીસ તપાસ પક્ષપાતી હોવી જોઈએ નહીં. કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે, તેમનો પ્રશ્ન એ છે કે ખેડૂતો મૃત્યુ પામી રહ્યા છે પરંતુ વળતરની ચુકવણી કરવામાં આવી રહી નથી. કેન્દ્રિય ગૃહમંત્રી રાજનાથસિંહના નિવેદન સામે પણ



વિપક્ષે પ્રશ્નો ઉઠાવ્યા હતા. આ મુદ્દે તમામ પક્ષોના નેતાઓએ આજે તેમના અભિપ્રાય આપ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે પણ નિવેદન કર્યું હતું. રાજનાથસિંહે કહ્યું હતું કે, તેમની સરકાર ખેડૂત તરફી છે. ડબલ્યુટીઓમાં પણ ફુડ સિક્યુરિટીની તરફેણ કરવામાં આવી છે. રાજનાથસિંહે લોકસભામાં નિવેદન કરતા કહ્યું હતું કે, જે પગલા લઈ શકાય છે તે અંગે તેઓ વાત કરી રહ્યા છે. સમયબદ્ધરીતે મામલામાં તપાસ માટે પોલીસને કહેવામાં આવ્યું છે. તપાસ ક્રાઈમ બ્રાંચને સોંપવામાં આવી ચુકી છે. એફઆઈઆર પણ નોંધવામાં આવી ચુકી છે. પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી ચુકી છે. સમગ્ર મામલામાં ઝીણવટભરી તપાસ કરવામાં આવશે. સિંહે કહ્યું હતું કે, પોલીસે ખેડૂતને ન ઉશ્કેરવા અને તાળીઓ ન પાડવા ટોળાને કહ્યું હતું પરંતુ ટોળાએ તાળીઓ પાડવાનું બંધ કર્યું ન હતું. દિલ્હી પોલીસે ઝડપથી ખેડૂતને બચાવવાના પ્રયાસ ચોક્કસપણે કર્યા હતા. આ મુદ્દાને રાજકીય રંગ ન આપવા પણ અપીલ કરવામાં આવી હતી. ગઈકાલનો આ બનાવ ખુબ જ કમનસીબ છે. ખેડૂતો આર્થિક વિકાસમાં ભાગીદાર તરીકે છે. ભાજપના નેતાઓએ પણ પોતાની પ્રતિક્રિયા આપી હતી. આરજેડીના નેતા જયપ્રકાશ નારાયણે કહ્યું હતું કે, જંતરમંતર ખાતે ખેડૂતની આત્મહત્યા શરમજનક બાબત છે. લોકસભાના અધ્યક્ષે શાંતિ જાળવી રાખવાની તે ગાળામાં અપીલ કરી હતી. રાજ્યસભામાં બસપના નેતા માયાવતીએ કહ્યું હતું કે, કેન્દ્ર સરકારે લોન માફી તરફ પગલા લેવા જોઈએ. માયાવતીએ સીબીઆઈ તપાસની માંગ પણ કરી હતી. કોંગ્રેસના નેતા ખડગેએ આ મુદ્દો ચગાવ્યો હતો. ભગવાન માને કહ્યું હતું કે, માત્ર રેડિયો ઉપર મન કી બાત કરવી યોગ્ય નથી. એએપીના નેતાએ કહ્યું હતું કે, ગજેન્દ્રસિંહ વ્યવસ્થાનો ભોગ બન્યા છે. સપાના વડા મુલાયમસિંહે કહ્યું હતું કે, અમે ખેડૂતોની કાળજી લઈ રહ્યા નથી. ખેડૂતોને આત્મનિર્ભર બનાવવાનો સમય આવી ગયો છે. કોઈપણ દેશમાંથી લોન લેવાની જરૂર વડાપ્રધાનને જરૂર પડશે નહીં. જો ખેડૂતોને આત્મનિર્ભર બનાવવામાં આવશે તો ઉપયોગી રહેશે.

ખેડૂતોની દુર્દશા માટે ભાજપની નીતિ જવાબદાર છે. મુલાયમે લોકસભામાં આક્રમક નિવેદન કર્યું હતું. બીજી બાજુ લોકસભામાં ગજેન્દ્રસિંહની હત્યાના લઈને ભારે ધાંધલ ધમાલ થઈ હતી. રાજ્યસભામાં પણ આ મુદ્દો છવાયો હતો. રાજ્યસભાની કામગારી મોકુફ કરી દેવામાં આવી હતી. રાજ્યસભામાં કોંગ્રેસના નેતા ગુલામ નબી આઝાદે કહ્યું હતું કે આના માટે દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલ અને કેન્દ્રમાં મોદી સરકાર જવાબદાર છે. આઝાદે કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ સંબંધમાં નિવેદન કરે તે જવાબદાર છે. બીજી બાજુ લોકસભામાં પણ ચર્ચા કરવામાં આવી હતી.

**ભાજપ અને કોંગ્રેસ દ્વારા આક્ષેપો**

## દિલ્હીમાં કેજરીવાલ સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરાયું

નવીદિલ્હી,તા. ૨૩

આમ આદમી પાર્ટીની રેલમાં બુધવારના દિવસે આત્મહત્યા કરી લેનાર ખેડૂત ગજેન્દ્રસિંહના મુદ્દાને લઇને કોંગ્રેસ અને ભાજપે આજે જોરદાર દેખાવો કર્યા હતા. એએપીના નેતાઓ સામે જોરદાર વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. ભાજપ અને કોંગ્રેસે એએપી ઉપર આક્ષેપ કર્યો હતો. દરમિયાન રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેએ નિવેદનમાં ગજેન્દ્રસિંહની આત્મહત્યા અંગે ઉંડા દુખની લાગણી વ્યક્ત કરી છે અને આ બનાવ ખુબ જ આઘાતજનક છે. પરિવારના સભ્યોને દુખ સમયમાં તાકાત મળે તેવી માંગ પણ કરવામાં આવી. મુખ્યમંત્રીએ કહ્યું છે કે, રાજસ્થાન સરકાર કોઇપણ સંજોગોમાં ખેડૂતોની સાથે સાથે છે. તેમના કલ્યાણ અને તેમના જીવન ધોરણને સુધારવા માટે સરકાર કટિબદ્ધ છે. રાજ્ય સરકાર ખેડૂતોના હિતમાં ખુબ જ ગંભીરતાપૂર્વક કામ કરી રહી હોવાની વાત પણ વસુંધરાએ કરી હતી. દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલની સામે આજે ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો દ્વારા જોરદાર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા. બન્ને પક્ષોના લોકો મેદાનમાં આવી ગયા હતા.

## ગજેન્દ્રની આત્મહત્યા પ્રશ્ને અંતે એફઆઈઆર દાખલ

નવીદિલ્હી,તા. ૨૩

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં એએપીની રેલીમાં રાજસ્થાનના ખેડૂત ગજેન્દ્રસિંહે આત્મહત્યા કરી લીધા બાદ દેશભરમાં ખળભળાટ મચી ગયો છે ત્યારે આજે ગજેન્દ્રસિંહના મોતના સંબંધમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી છે જેમાં આત્મહત્યા કરવા માટે ગજેન્દ્રસિંહને ઉશ્કેરવાનો એએપીના કાર્યકરો ઉપર આક્ષેપ કરવામાં આવ્યો છે. બીજી બાજુ દિલ્હી પોલીસે રેલીમાં મંચ ઉપર ઉપસ્થિત રહેલા એએપીના નેતાઓની પુછપરછ કરવાની પણ તૈયારી કરી છે. મંચ ઉપર મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સહિતના વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત હતા. હવે કોની પુછપરછ કરશે તે અંગે તમામ પાસાઓમાં વિચાર કર્યા બાદ દિલ્હી પોલીસ નિર્ણય લેશે. એફઆઈઆર નોંધવામાં આવી ચુકી છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, ૧૨.૫૦ વાગે એએપીના નેતાઓ ભાષણ આપી રહ્યા હતા. લોકોના ટોળા તાળીઓ વગાડી રહ્યા હતા. મોટાભાગના લોકોની નજર વૃક્ષ ઉપર હતી. પોલીસે દાવો કર્યો છે કે, તેઓએ સ્થળ ઉપર પહોંચવાના પ્રયાસ કર્યા હતા. આત્મહત્યા કરનાર ખેડૂતે હાથમાં ઝાડુ પકડેલી હતી અને એજ વેળા એક મેસેજ કન્ટ્રોલ રૂમમાં વાયરલેસ સેટ મારફતે મોકલવામાં આવ્યો હતો જેના મારફતે ગજેન્દ્રને ન ઉશ્કેરવા લોકોને અપીલ કરવામાં આવી હતી. સાથે સાથે તેને નીચે ઉતારી લેવા કહેવામાં આવ્યું હતું પરંતુ એએપીના નેતાઓ અને કાર્યકરોએ તેમની મદદ કરી ન હતી. વાયરલેસ કોલ કરવામાં આવ્યા બાદ આ વિસ્તારમાંથી હટી જવા અપીલ પણ કરવામાં આવી હતી. ઈમરજન્સી રિસ્પોન્સ વાહનને



પહોંચવાની તક આપવા કહેવામાં આવ્યું હતું પરંતુ ટોળાએ મદદ કરી ન હતી. પોલીસ વિરોધી સૂત્રોચ્ચાર થયા હતા. પોલીસ એએપી વિરોધી છે. પાર્ટીને દેખાવ કરવાની મંજુરી પોલીસ આપી રહી નથી તેવી વાત ઉઠાવવામાં આવી રહી હતી. આ જોઈને ખેડૂતે આત્મહત્યા કરવા તરફ તે પ્રેરાયો હતો. એસઓએસ કોલ ફાયર બ્રિગેડને કરવામાં આવ્યો હતો. આ બાબત પણ જોયા બાદ પણ ગજેન્દ્રએ તેની ગરદનની આસપાસ સાફો બાંધી લીધો હતો. છતાં પણ ટોળામાંથી કોઈએ પણ બચાવવાનો પ્રયાસ કર્યો ન હતો. પોલીસે એ પણ દાવો કર્યો છે કે, એએપીના વર્કરો અને નેતાઓ તાળીઓ વગાડીને તેને ઉશ્કેરી રહ્યા હતા. ગજેન્દ્રએ ત્યારબાદ આત્મહત્યા કરી હતી પરંતુ તેનો મૃતદેહ વૃક્ષની શાખા ઉપર જ રહ્યો હતો. એજ વેળા કેટલાક લોકો પહોંચી ગયા હતા અને દરમિયાનગીરી શરૂ કરી હતી. પોલીસે વણઓળખાયેલા લોકો સામે એફઆઈઆર દાખલ કરી છે.

**એએપી દ્વારા વળતરની જાહેરાત**

## ખેડૂત ગજેન્દ્રના પરિવારને આપ ૧૦ લાખ આપશે

નવીદિલ્હી,તા. ૨૩

દિલ્હીમાં એએપીની સરકારે આજે રાજસ્થાનના ખેડૂત ગજેન્દ્રસિંહના પરિવારને ૧૦ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી હતી. ગજેન્દ્રસિંહે ગઇકાલે દિવસમાં એએપીની રેલી દરમિયાન જાહેરમાં જ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગેની જાહેરાત કરતા એએપીના નેતા સંજયસિંહે કહ્યું હતું કે, તેમની પાર્ટીના કાર્યકરોએ રોકવાના પ્રયાસ કર્યા હતા પરંતુ ગજેન્દ્રસિંહને બચાવી લેવામાં સફળતા હાથ લાગી ન હતી. તેમણે ઉમેર્યું હતું કે, દિલ્હી પોલીસ આ મોત માટે જવાબદાર છે. કારણ કે એએપીના નેતાઓ તરફથી વારંવાર અપીલ કરવામાં આવી હોવા છતાં પોલીસ દરમિયાનગીરી કરી રહી ન હતી. કેમેરાઓમાં પણ આ હકીકત કેદ કરવામાં આવી ચુકી છે. સંજયસિંહે પત્રકારો સાથે વાતચીત કરતા આ મુજબની વાત કરી હતી. જે રીતે પોલીસે વર્તન કર્યું છે તે ખુબ જ કમનસીબ પૂર્વકનું છે. એએપીના નેતાએ કેન્દ્ર સરકાર ઉપર પણ આક્ષેપો કર્યા હતા. દિલ્હી પોલીસે કેટલાક પગલા એકાએક હવે લઇ લીધા છે. એએપી દ્વારા બોલાવવામાં આવેલી રેલી દરમિયાન આ ખેડૂતે આત્મહત્યા કરતા દેશભરમાં ખળભળાટ મચી ગયો હતો.

# રાત્રિ દરમિયાન અનલિમિટેડ ફ્રી કોલિંગ સ્કીમની ઘોષણા

**રાત્રે નવથી સવારે સાત વાગ્યાની વચ્ચે સ્કીમ અમલી : પહેલી મેથી નવી સેવા અમલમાં**

નવી દિલ્હી,તા. ૨૩

લેન્ડલાઇન બિઝનેસને પ્રોત્સાહન આપવાના હેતુસર સરકારી ટેલિકોમ ઓપરેટર બીએસએનએલે રાત્રિ કલાકો દરમિયાન અનલિમિટેડ ફ્રી કોલિંગ સ્કીમની ઓફર કરી દીધી છે. આ જાહેરાત કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકોને મોટી રાહત મળી શકે છે. ફિક્સ્ડ લાઇન ફોન પરથી રાત્રિ ગાળા દરમિયાન કોઇપણ ઓપરેટરને અનલિમિટેડ ફ્રી કોલિંગની જાહેરાત કરવામાં આવી છે. પહેલી મેથી દેશમાં કોઇપણ જગ્યાએ મોબાઇલ ફોન સહિત કોઇપણ ઓપરેટરને તેના ફિક્સ્ડ લાઈન ફોનથી ફ્રીકોલિંગની સુવિધા આપવામાં આવી છે. બીએસએનએલે એક નિવેદન જારી કરીને કહ્યું છે કે, આ સ્કીમ રાત્રે નવ વાગ્યાથી લઇને સવારે સાત વાગ્યા વચ્ચે ઓપરેશનમાં રહેશે અને તમામ પ્રકારના કનેક્શનને આવરી લેશે. બીએસએનએલે એમ પણ કહ્યું છે કે, કંપની દ્વારા તમામ લેન્ડલાઈન ફોન ઉપર તેના લેન્ડલાઈન ફોનથી રાત્રિ કલાકો દરમિયાન અનલિમિટેડ ફ્રી કોલિંગની શરૂઆત કરવામાં આવી છે. સાથે સાથે તમામ સર્વિસ પ્રોવાઈડર્સના નેટવર્ક ઉપરના મોબાઈલ ફોન ઉપર પણ આ સુવિધા ઉપલબ્ધ રહેશે. પહેલી મેથી આ સુવિધાનો લાભ લઇ શકાશે. આ સ્કીમ હેઠળ તમામ મોટા લેન્ડલાઇન જનરલ પ્લાન જે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં છે તે હેઠળ લેન્ડલાઇન સ્પેશિયલ પ્લાન અને સાથે સાથે તમામ મોટા કોમ્બો અથવા તો બ્રોડબેન્ડ સાથે લેન્ડલાઈન પ્લાનને આવરી લેવામાં આવશે. નવેસરના ટ્રાઇના આંકડા મુજબ બીએસએનએલ જે લેન્ડલાઈન માર્કેટમાં પ્રભુત્વ ધરાવે છે તેને ફેબ્રુઆરી મહિનામાં ફિક્સ્ડ લાઈન કસ્ટમરોમાં સૌથી વધારે નુકસાન થયું છે. જ્યારે એરટેલને સૌથી વધારે ફાયદો ફેબ્રુઆરીના ગાળામાં થયો છે. કંપની ફેબ્રુઆરીના અંતે ૧.૬૬ કરોડ લેન્ડલાઈન ધરાવે છે. ફેબ્રુઆરી મહિનામાં ૧૬૨૫૫૬ લેન્ડલાઈન કસ્ટમરો ગુમાવી દીધા બાદ પણ કંપની ૬૨.૨૬ ટકા હિસ્સેદારી સાથે માર્કેટમાં પ્રભુત્વ ધરાવે છે. લેન્ડ લાઈન બિઝનેસને આ જાહેરાતથી પ્રોત્સાહન મળશે. રાત્રે નવથી લઇને સવારે સાત વાગ્યા વચ્ચેના ગાળામાં આ સુવિધાનો લાભ લઇ શકાશે.

### છેલ્લા નવ મહિનામાં માત્ર ૧૩ ડિમેટ ખાતા ખુલ્યા

મુંબઈ,તા. ૨૩

શેરબજારમાં છેલ્લા એક વર્ષમાં નોંધપાત્ર તેજી રહી હોવા છતાં તેની અસર જે રીતે વર્ષ ૨૦૦૭માં દેખાઇ હતી તેવી રીતે રિટેલ મુડીરોકાણકારો પર આ વખતે દેખાઇ નથી.સેન્સેક્સ ૨૭૮૯૦ની સપાટી પર છે અને તેજીના સંકેત દેખાઇ રહ્યા છે છતા કારોબારીઓ તેમાં સતત અનિશ્ચિતા જોવા મળી રહી છે જેથી ઉદાસીન દેખાઇ રહ્યા છે. અવિરત સારી સ્થિતી દેખાઇ રહી નથી. એક વખતે ૩૦ હજારની નજીક પહોંચી ગયા બાદ હવે ફરી ૨૮ હજારની નજીક સેન્સેક્સ છે. ડીમેટ ખાતા ઓછા ખોલવામાં આવ્યા છે. ૩૧મી માર્ચના દિવસે પૂરા થયેલા નાણાંકીય વર્ષમાં હજુ સુધી ઓછા ખાતા ખોલવામાં આવ્યા છે.સેબી અને ડિપોઝીટરી એનએસડીએલ તેમજ સીડીએસએલ પાસેથી પ્રાપ્ત આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે પહેલી એપ્રિલ ૨૦૧૪થી ૩૧મી જાન્યઆરી ૨૦૧૫ સુધીના ગાળામાં આશરે ૧૨.૯ લાખ નવા ડિમેટ ખાતા ખોલવામાં આવ્યા હતા. જ્યારે ૩૧મી માર્ચ ૨૦૦૮ના દિવસે પુરા થયેલા નાણાંકીય વર્ષ ૫૦ લાખ કરતા વધારે ખાતા ખોલવામાં આવ્યા હતા.આ વર્ષે પણ શેરબજારમાં સ્થિતી ખુબ સારી રહી છે. નાના રોકાણકારો માર્કેટમાં જોવા મળી રહેલી તેજીને લઇને વધારે ઉત્સાહિત દેખાઇ રહ્યા નથી. જેથી ઓછા ડિમેટ ખાતા ખોલવામાં આવ્યા છે.

## બિહાર તોફાન : મોતનો આંકડો વધીને ૪૯ થયો

પટણા,તા. ૨૩

બિહારમાં વિનાશકારી પ્રચંડ તોફાન અને વરસાદના કારણે મોતનો આંકડો આજે વધીને ૪૯ ઉપર પહોંચી ગયો હતો. જ્યારે ઘાયલોની સંખ્યા ૧૦૦થી પણ વધારે નોંધાઈ છે. ઉત્તરીય અને પૂર્વીય બિહારમાં પ્રચંડ તોફાન સાથે વરસાદના કારણે કરોડો રૂપિયાના ઉભા પાકને નુકસાન થયું છે. બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારના મુખ્યપ્રધાન નિતીશ કુમાર સાથે ફોન પર વાત કરીને તમામ મદદ કરવાની ખાતરી આપી છે. કોઈ પણ એલર્ટની જાહેરાત આ પહેલા કરાઈ ન હતી જેથી વધારે નુકસાન થયું છે. પટણાથી ૩૨૦ કિલોમીટર પૂર્વે સ્થિત પુર્ણિયા જિલ્લામાં સૌથી વધારે નુકસાન થયુંછે. અહીં ૩૨ લોકોના મોત થયા છે. અહીં ૭૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાતા લોકોની હાલત કફોડી બની હતી. પ્રચંડ વાવાઝોડાના કારણે ભારે અંધાધૂંધી બિહારના કેટલાક ભાગોમાં ફેલાઈ ગઈ છે. વાવાઝોડાના કારણે હજારો ઝુંપડપટ્ટીને નુકસાન થયું છે. સાથે સાથે ઉભા પાકને પણ નુકસાન થયું છે. કમોસમી વરસાદ અને કરા પડવાના કારણે દેશના ઘણા ભાગોમાં ખેડૂતોની હાલત કફોડી બનેલી છે ત્યારે હવે વાવાઝોડાના કારણે બિહારમાં પણ હાલત કફોડી બની ગઈ છે. બિહારના ૧૨ જિલ્લાઓમાં પ્રચંડ વાવાઝોડું ફુંકાયું હતું. બિહાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટના મુખ્ય સચિવે માહિતી આપતા કહ્યું છે કે, મહત્તમ ૩૨ લોકોના મોત પૂરણિયા જિલ્લામાં થયા છે જ્યારે સાત લોકોના મોત માધેપુરામાં થયા છે. બાકીના તમામ મોત અન્ય ૧૦ અસરગ્રસ્ત જિલ્લામાં થયા છે. ઘાયલ થયેલા લોકો પૈકી ૮૦ ગંભીરરીતે ઘાયલ થયા છે. જે જુદી જુદી હોસ્પિટલમાં હાલ સારવાર હેઠળ છે. પુરણિયા, માધેપુરા, સરહસા, મધુબાની, સમસ્તીપુર, દરભંગા સહિતના વિસ્તારોમાં તોફાની પવન સાથે વાવાઝોડું ફુંકાયું હતું જેના કારણે હજારો વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. વિજ પુરવઠો સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. વિજળીની લાઈનો તુટી પડી હતી. હજારો ઝુંપડા અને ઉભા પાકને નુકસાન થયુંછે. મકાઈ, ઘઉં અને કઠોળના પાકને નુકસાન થયુંછે. આ જિલ્લામાં માર્ગ પરિવહનને પણ માઠી અસર થઈ છે. કારણ કે રાજમાર્ગો ઉપર વૃક્ષો પડી ગયા છે. ભારતીય હવામાન વિભાગના અધિકારીઓએ કહ્યું છે કે, ૬૫ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફુંકાયો હતો. નેપાળથી ઉદ્દભવેલા આ પવનના કારણે પુરણિયા, સિતામઢી, દરભંગામાં માઠી અસર થઈ હતી. વિનાશક વાવાઝોડા અને આંધીના કારણે નુકસાન થયું છે. રડાર ડેટામાં દર્શાવવામાં આવ્યું છે કે, ૬૫ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફુંકાયો હતો. આ પ્રકારના વાવાઝોડા આ સિઝનમાં સામાન્ય રહે છે.આને કાલબૈશાખી અથવા નોરવેસ્ટર નામ અપાયું છે. રાજ્ય સરકારે અસરગ્રસ્ત જિલ્લાઓમાં મોટાપાયે બચાવ અને રાહત કામગીરી હાથ ધરી છે.

### નેટ ન્યુટ્રાલિટીના પ્રશ્ને ૨૭મીએ બેઠક મળશે

નવીદિલ્હી,તા. ૨૩

ટેલિકોમ વિભાગે ૨૭મી એપ્રિલના દિવસે ચર્ચા કરવા માટે મલ્ટીશેરધારકોની બેઠક બોલાવી છે. નેટ ન્યુટ્રાલિટીના મામલામાં ચર્ચા કરવા મલ્ટી સ્ટેકહોલ્ડર એડવાઈઝરી ગ્રુપની આ બેઠક બોલાવવામાં આવી છે. નેટ ન્યુટ્રાલિટીના જુદા જુદા પાસાઓ ઉપર ચર્ચા કરવા માટે દૂરસંચાર વિભાગમાં એક કમિટિની રચના કરવામાં આવી ચુકી છે. આ કમિટિ એનએજીના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરવાનો નિર્ણય કરી ચુકી છે. આના ભાગરુપે ૨૭મી એપ્રિલના દિવસે બેઠકનું આયોજન કરાયું છે. એમએજીના સભ્યોને ડોટે પરિપત્ર પાઠવીને આ અંગેની જાણ કરી દીધી છે. જાણકાર સૂત્રોના જણાવ્યા મુજબ આ બેઠકમાં નિષ્ણાતોને બોલાવવામાં આવ્યા છે. એમએજીની રચના ફેબ્રુઆરી ૨૦૧૪માં ડિપાર્ટમેન્ટ ઓફ ઈલેક્ટ્રોનિક્સ દ્વારા કરવામાં આવી હતી. સરકાર, ઉદ્યોગ, શિક્ષણ અને સિવિલ ગ્રુપનું પ્રતિનિધિત્વ કરતા ૩૯ સભ્યો છે. આ મહત્વની બેઠકમાં અતિમહત્વપૂર્ણ પાસા ઉપર ચર્ચા કરવામાં આવનાર છે. હાલમાં નેટ ન્યુટ્રાલિટીને લઈને ભારે ચર્ચા જોવા મળી રહી છે. કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીએ નેટ ન્યુટ્રાલિટીના મુદ્દે સરકાર ઉપર આક્ષેપ કરીને કહ્યું હતું કે, સરકાર ઉદ્યોગપતિઓના ઈશારે ચાલી રહી છે.

## ભારતીય રેલવે સામે હજુય નાણાંકીય કટોકટી : પેનલ

નવીદિલ્હી,તા. ૨૩

ટકાઉ હેલ્થી ઓપરેશનના બે વર્ષ બાદ પણ ભારતીય રેલવે ગંભીર પ્રકારની નાણાંકીય કટોકટીનો સામનો કરે છે. ભૂતપૂર્વ રેલવેપ્રધાન દિનેશ ત્રિવેદીના નેતૃત્વમાં સંસદીય પેનલ દ્વારા તેના અહેવાલમાં આ મુજબનો ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે. ઓપરેશનમાં ઝડપથી બદલાવ થયો છે અને રેલવે પાટા ઉપર છે તેવા સરકારના દાવાઓની પોલ ખોલતા પેનલે પ્રોડક્ટિવિટીમાં થઈ રહેલા ઘટાડાની વાત કરી છે. સાથે સાથે ઓપરેશનના યુનિટ ખર્ચમાં વધારાની પણ વાત કરવામાં આવી છે. ૩૧ સભ્યોની પેનલે કેટલીક બાબતોમાં રેલવેની પ્રશંસા કરી છે પરંતુ જણાવ્યું છે કે, ભારતીય રેલવેમાં હજુ પણ ગંભીર નાણાંકીય કટોકટી રહેલી છે. તેના અનરિયાલિસ્ટીક ઓપરેટિંગ રેસિયો (ઓઆર) નાણાને લઈને પણ અટકળો ચાલી રહી છે. કમિટિએ સંસદમાં રજૂ કરવામાં આવેલા તેના ૮૫ પાનાના અહેવાલમાં ઘણી બધી બાબતો રજૂ કરી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, રેસિયોને ધ્યાનમાં લેતા રેલવેની સ્થિતિ સારી દેખાઈ રહી નથી. રેલવેને અનરિયાલિસ્ટીક ઓપરેટિંગ રેસિયો ૨૦૧૩-૧૪માં૯૩.૬ ટકાથી ઘટીને ૨૦૧૫માં૯૧.૮ છે. વર્તમાન નાણાંકીય વર્ષમાં સુધારો કરવાની જરૂર છે. વિવિધ પરિબળોના પરિણામ સ્વરુપે રેલવેની સ્થિતિને સુધારવાની જરૂર છે. પેનલે સિસ્ટમ પ્રોડક્ટિવિટીમાં થઈ રહેલા ઘટાડા, ઓપરેશનના યુનિટ ખર્ચમાં વધારા અને ટેક્સ્ડ બુક સોલ્યુશન ઉપર આધારિત અનરિયાલિસ્ટીક ઓપરેટિંગ રેસિયો ટાર્ગેટના મુદ્દાની પણ વાત કરી છે. પેનલના જણાવ્યા મુજબ યાત્રી કમાણીમાં વધારો ૨૦૧૨ અને ૨૦૧૫ વચ્ચેના ગાળામાં ૧૮ ટકા સુધી વધ્યો છે. યાત્રી ભાડામાં તીવ્ર વધારો પણ આ ગાળા દરમિયાન કરાયો છે. એકંદરે સુધારાના કારણે આ કમાણી વધી નથી. તેના જવાબમાં રેલવે દ્વારા ૨૦૧૨-૧૩માં ૨.૪ ટકા સુધીના યાત્રી વધારાની વાત કરવામાં આવી છે. રેલવેને જૂન ૨૦૧૪ના વધારાનો ફાયદો વર્તમાન નાણાંકીય વર્ષના છેલ્લા ત્રણ મહિનામાં મળી શકે છે. પેનલે નવી ટ્રેનો અને પ્રોજેક્ટોની જાહેરાત નહીં કરવાના રેલવેમંત્રી સુરેશ પ્રભુના નિર્ણયની સામે પણ પ્રશ્નો ઉઠાવ્યા છે.

## અપર કાસ્ટ વિદ્યાર્થી માટે નિતિશ દ્વારા રાહત ઘોષિત

પટણા,તા. ૨૩

બિહારમાં વિધાનસભાની ચૂંટણી નજીક આવી ગઈ છે ત્યારે પરિસ્થિતીને ધ્યાનમાં લઈને બિહારના મુખ્યપ્રધાન નિતીશ કુમારે આજે અપર કાસ્ટના વિદ્યાર્થીઓ માટે રાહત જાહેર કરી હતી. જેના ભાગરૂપે ફર્સ્ટ ડિવીઝન સાથે ધોરણ ૧૦ની પરીક્ષા પાસ કરનાર અપર કાસ્ટના વિદ્યાર્થીઓ માટે ૧૦,૦૦૦ના ઈન્સેન્ટિવ આપવામાં આવશે. સાથે સાથે કોન્ટ્રાક્ટ પર રહેલા કર્મચારીઓને નિયમિત કરવામાં આવનાર છે. તેમણે મોસ્ટ બેકવર્ડ કાસ્ટ કેટેગરી હેઠળ તેલી જાતિને સામેલ કરવાની પણ જાહેરાત કરી હતી. મુખ્યપ્રધાન નિતીશ કુમારે શુન્ય કલાક દરમિયાન નિવેદન મારફતે આ મહત્વપૂર્ણ નિર્ણયની જાહેરાત કરી હતી. વપક્ષી ભાજપના સભ્યો આ જાહેરાતતી ખુશ દેખાયા ન હતા. વિપક્ષના નેતા નંદ કિશોર યાદવે જાહેરાત કરી હતી કે અપર કાસ્ટના વિદ્યાર્થીઓ માટે આ પ્રકારની રાહત ચૂંટણીને ધ્યાનમાં લઈને કરવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે મોસ્ટ બેકવર્ડ જાતિની અંદર તેલીને સામેલ કરવાનો નિર્ણય ખુબ પહેલા કરવામાં આવી ચુક્યો છે માત્ર જાહેરાત ચૂંટણીને ધ્યાનમાં લઈને હવે કરવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓને ઈન્સેન્ટિવની ચુકવણી વાર્ષિક આધાર પર કરવામાં આવનાર છે. સ્કોલરશીપ ધોરણ-૧થી ૧૦ સુધીના વિદ્યાર્થીઓને આપવામાં આવનાર ચે. જે અપર કાસ્ટના છે.

### પાક વિમા સ્કીમને ઝડપથી રજૂ કરવાની હિલચાલ શરૂ

નવી દિલ્હી,તા. ૨૩

કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહ હવે સુચિત રાષ્ટ્રીય પાક વીમા યોજનાને ઝડપથી ફાસ્ટ ટ્રેક પર મુકી દેવા માટેની તરફેણ કરી રહ્યા છે. દેશના જુદા જુદા ભાગોમાં કૃષિ કટોકટીની સ્થિતી સર્જાઇ ગઈ છે ત્યારે રાજનાથસિંહ હવે સુચિત રાષ્ટ્રીય પાક આવક વીમા સ્કીમને રજૂ કરવાની તરફેણ કરી રહ્યા છે. વર્ષ ૨૦૦૩માં જ્યારે રાજનાથસિંહ દેશના કૃષિ પ્રધાન હતા ત્યારે આ સ્કીમ તૈયાર કરવામાં આવી હતી. ખેડુતોની કટોકટીમાં તપાસ કરવા અને તેમની તકલીફને દુર કરવા માચે બનાવવામાં આવેલી અનૌપચારિક સમિતીમાં સિહ નેતૃત્વ કરી રહ્યા છે ત્યારે આ સંબંધમાં પ્રથમ બેઠક યોજાઇ ચુકી છે. આ બેઠકમાં ટોચના નેતાઓ હાજર રહ્યા હતા. આ સ્કીમ ટુંક સમયમાં રજૂઆત માટે તૈયાર કરવામાં આવી રહી છે. વર્ષ ૨૦૦૩માં અટલ બિહારી વાજપેયી સરકાર હતી ત્યારે રાજનાથ કૃષિ પ્રધાન હતા. તેઓએ એ વખતે આવી સ્કીમ તૈયાર કરી હતી. જો કે વાજપેયી સરકાર ગયા બાદ યુપીએ સરકાર સત્તામાંવતા આ સ્કીમને રોકી દેવામાં આવી હતી. સરકાર હવે નવેસરથી પાક વીમા સ્કીમને રજૂ કરવા ઈચ્છુક છે. ખેડુતોમાં આત્મહત્યાનુ પ્રમાણ વધી રહ્યું છે ત્યારે આ પ્રકારની સ્કીમ રાહત આપી શકે છે.